**ચાલુ બાબત: વર્ષ ૨૦૨૪-૨૫**

કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે મીડિયમ સાઇઝના ગુડ્ઝ કેરેજ વાહન તેમજ ટ્રેક્ટર ટ્રેલરની ખરીદી પર નાણાકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજના

ગુજરાત સરકાર,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,

ઠરાવ ક્રમાંક: ACD/KEF/e-file/2/2024/0715/K5

સચિવાલય,ગાંધીનગર

તા. /૧૧/૨૦૨૪

**વંચાણે લીધા** :-

(૧)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્રમાંક: ACD/KAS/e-file/2/2022/2347/K5, તા:૦૯/૦૫/૨૦૨૩

(૨)ખેતી નિયામકશ્રીનો પત્ર ક્રમાંક:LWE/વ.મં/કિ.પ.યો./૯૮૧-૯૮૨/૨૦૨૪, તા.૧૯/૦૨/૨૦૨૪

**પ્રસ્તાવના :-**

કૃષિ ઉત્પાદનના પરિવહન માટે રાજ્યના ખેડૂતો સામાન્ય રીતે ટ્રેક્ટર અને ઓછી જણસ હોય તે સંજોગોમાં ભાડુતી અન્ય ગુડ્ઝ કેરેજ વાહન દ્વારા કૃષિ ઉત્પાદન ખેત બજારો કે અન્ય બજારમાં પહોંચાડતા હોય છે. ઘણી વખત પરિવહન માટે સાધન ઉપલબ્ધ ન હોય ત્યારે ખેડૂતોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આમ, કૃષિ ઉત્પાદન પરિવહન સરળ બનાવવાના હેતુસર મીડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેજ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજનાને ચાલુ બાબત તરીકે વંચાણે લીધેલ ક્રમ-૧ પરના ઠરાવથી સને ૨૦૨૩-૨૪ માં વહીવટી મંજૂરી આપવામાં આવેલ. પ્રસ્તુત યોજના માટે વર્ષ ૨૦૨૪-૨૫ માટેની ચાલુ બાબત હેઠળ ટ્રેક્ટર ટ્રેલર ઘટકનો સમાવેશ કરી રૂ. ૫૫૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા ખેતી નિયામકશ્રીના વંચાણે લીધેલ ક્રમ (૨)પરના પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, કૃષિ ઉત્પાદનોના પરિવહન માટે મીડીયમ સાઇઝના ગુડઝ કેરેઝ તેમજ ટ્રેક્ટર ટ્રેલર વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજના માટે સને ૨૦૨૪-૨૫માં ચાલુ બાબત તરીકે મંજુર થયેલ બજેટ જોગવાઇ રૂ. ૫૫૦.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચસો પચાસ લાખ પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**યોજનાનું સહાય ધોરણ:**

યોજના હેઠળ મીડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેજ વાહન (ચાર પૈડા વાળા અને ૬૦૦ કિ.ગ્રા. થી ૧૫૦૦ કિ.ગ્રા. સુધીની ભાર વહન ક્ષમતા ધરાવતા વાહન) ખરીદવા માટે નાના/સિમાંત/ મહિલા/અનુ.જાતિ/અનુ.જનજાતિના ખેડૂતોને કુલ ખર્ચના ૩૫% અથવા રૂ.૭૫,૦૦૦/- બે માંથી ઓછુ હોય તે અને સામાન્ય/અન્ય ખેડૂતોને કુલ ખર્ચના ૨૫% અથવા રૂ.૫૦,૦૦૦/- બે માંથી ઓછુ હોય તે મુજબ સહાય આપવામાં આવશે.

ટ્રેક્ટર ટ્રેલર ખરીદવા માટે રાજ્યના તમામ વર્ગના ખેડૂતોને કુલ ખર્ચના ૨૦ % અથવા રૂ.૩૦,૦૦૦/- બે પૈકી જે ઓછું હોય તે સહાય ચૂકવવામાં આવશે.

**યોજનાનો લાભ લેવા માટે પાત્રતા:**

૧. આ યોજનાનો અમલ રાજયના તમામ જિલ્લાઓમાં કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ ૧૦ વર્ષમાં એક વખત ખાતાદીઠ એક વાહન માટે સહાય આપી શકાશે.

૩. સંયુક્ત ખાતા ધારકના કિસ્સામાં અરજદારશ્રીએ અન્ય ખાતા ધારકોનું સંમતિ પત્રક રજુ કરવાનું રહેશે.

૪. વાહન વ્યવહાર વિભાગના લાગુ પડતા પ્રવર્તમાન તેમજ વખતો વખત થતા સુધારા મુજબના તમામ નિયમો/શરતો/ કાયદાનું પાલન લાભાર્થીઓએ કરવાનું રહેશે.

૫. વાહન વ્યવહાર વિભાગ દ્વારા નક્કી કરેલ અને વખતો વખત સુધારા મુજબના BS (ભારત સ્ટેજ) સ્ટાન્ડર્ડનાં નવા વાહનની ખરીદી કરવાની રહેશે.

૬. યોજના હેઠળ લાભ મેળવનાર લાભાર્થીએ,

અ) લાભ મળ્યાની તારીખથી ૨ (બે) વર્ષ સુધી વાહનનું વેચાણ કરી શકશે નહીં, અને જો વેચાણ કરશે તો સહાયની પુરેપુરી રકમ સરકારશ્રીમાં પરત કરવાની રહેશે.

બ) કૃષિ પેદાશોના પરીવહન માટે ઉપયોગ કરવાનો રહેશે.

ક) પેસેન્જરના પરીવહન માટે વાહનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરાવી શકાશે નહીં અને પેસેન્જર પરીવહન માટે ઉપયોગ કરી શકશે નહીં.

૭. i- khedut પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે. અરજદારે પુર્વમંજુરી મળતા નિયત સમયમર્યાદામાં સાધનની ખરીદી કરી જરૂરી સાધનીક પુરાવા સાથે કરેલ ઓનલાઇન અરજીની પ્રીન્ટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી ખાતે રજુ કરવાની રહેશે. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત એ તેઓના તાબાના અધિકૃત કરેલ ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી/પેટા વિભાગીય અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી દરેક અરજીની પાત્રતા /બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્દનુસાર i-Khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

૮. લાભાર્થી ખેડૂતે CMVR (Central Motor Vehicles Rules) હેઠળ નોંધણી થયેલ ૬૦૦ કિ.ગ્રા. થી ૧૫૦૦ કિ.ગ્રા. સુધીની ભાર વહન ક્ષમતા ધરાવતા માલવાહક વાહન પૈકીના વાહનની ખરીદી કરવાની રહેશે અને ટ્રેક્ટર ટ્રેલર ઘટક માટે જે ખેડૂત લાભાર્થી ટ્રેક્ટરનું પાસિંગ ધરાવતા હોય અને જે-તે નાણાંકીય વર્ષમાં RTO માં ટ્રેક્ટર ટ્રેલરનું રજિસ્ટ્રેશન/પાસિંગ થયેલ હોય તેવા ખેડૂત લાભાર્થીને સહાય મળવાપાત્ર થશે.

૯. લાભાર્થીને વાહનની ખરીદી માટે પુર્વ મંજુરી ૬૦ દિવસ માટે આપવાની રહેશે. અને સદર સમયમર્યાદામાં ખરીદી કરીને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી,જિલ્લા પંચાયત ને ખરીદીના આધાર પુરાવા સાથે સાધનિક કાગળો રજુ કરવાના રહેશે. જે કિસ્સામાં આ સમય મર્યાદામાં ખરીદીને સાધનિક કાગળો રજુ કરેલ ન હોય, તો આવી અરજી રદ કરવાની રહેશે.

**યોજનાની અમલીકરણ પધ્ધતિ**

**(૧) અરજીઓ મેળવવાની કાર્યપધ્ધતિ**

(ક) i Khedut પોર્ટલ ઉપર ખેડૂતોએ ઓનલાઇન અરજી કરવાની રહેશે જે ઓટો ઈનવર્ડ થશે, જ્યારે અરજદારે કરેલ ઓનલાઈન અરજી પ્રીન્ટ આઉટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે. અરજદારે પુર્વમંજુરી મળતા નિયત સમયમર્યાદામાં સાધનની ખરીદી કરી જરુરી સાધનીક પુરાવા સાથે કરેલ ઓનલાઇન અરજીની પ્રીન્ટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી ખાતે રજુ કરવાની રહેશે.

(ખ) જો કોઈ કીસ્સામાં i-Khedut પોર્ટલ અરજી કરવા માટે ખુલ્લુ મુકેલ હોય તે સમયગાળા દરમ્યાન અરજદાર નિયત નમુનામાં ઓન લાઇન અરજી કરી શકે તેમ ન હોય તો આ યોજના/ઘટક માટેની અરજી કરવા માટેની સમય મર્યાદામાં જ જિલ્લા ખેતીવાડીશ્રી, જિલ્લા પંચાયત કચેરી અથવા ખેતીવાડી ખાતાની નજીકની કચેરી ખાતે જરૂરી આધાર પુરાવા સહ અરજી નિયત થયેલ સમય મર્યાદામાં રજુ કરવાની રહેશે અને આવી મળેલ અરજીની રીસીપ્ટ

અરજી સ્વીકારનાર કચેરીએ અરજદારને આપવાની રહેશે. રજુ થયેલ અરજીવાળી કચેરીના અધિકૃત કર્મચારી/અધિકારીએ iKhedut પોર્ટલ પર કચેરીના કામકાજના ૩ (ત્રણ) દિવસો દરમ્યાન ઓનલાઇન અરજી કરી આપવાની રહેશે.

**(૨) અરજીઓની પાત્રતા નક્કી કરવાની કાર્યપદ્ધતિ_**

જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત એ તેઓના તાબાના અધિકૃત કરેલ ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી(ખેતી)/તાલુકા અમલીકરણ અધિકારીશ્રી/પેટા વિભાગીય અધિકારીશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે આ યોજના તથા સરકારશ્રીની અન્ય કોઈ યોજનામાંથી અગાઉ નિયત કરેલ સહાય મેળવેલ નથી તેની ચકાસણી કરી દરેક અરજીની પાત્રતા /બિનપાત્રતા નિર્ધારીત કરવાની રહેશે અને તદ્દનુસાર i-Khedut પોર્ટલમાં યોજના હેઠળની અરજીઓનું સ્ટેટસ અપડેટ કરવાનું રહેશે.

**(૩) અરજીઓની મંજુરી અંગેની કાર્ય પધ્ધતિ અને પૂર્વ મંજુર થયેલ કેસોની સબંધિત અરજદારોને જાણકારી આપવા**

જિલ્લા ખેતીવાડીશ્રીની કચેરી ધ્વારા જિલ્લા કક્ષાએ ઓનલાઈન મળેલ કુલ પાત્રતા ધરાવતી અરજીઓ પૈકી ઓનલાઈન થયાની તારીખ મુજબ તાલુકાવાર ક્રમાનુસાર અરજીઓના લાભાર્થી પસંદ કરી વહેલા તે પહેલાના ધોરણે અગ્રતા યાદી તૈયાર કરવાની રહેશે અને લક્ષ્યાંકની મર્યાદામાં અરજદારને પૂર્વમંજુરી આપવાની રહેશે. યોજના હેઠળના ઘટક માટે પૂર્વ મંજુર કરાયેલ અરજીઓની સબંધિત અરજદારોને તેઓના સરનામે લેખીતમાં જાણ કરવાની રહેશે અને i-khedut પોર્ટલમાં અરજી મંજુર કર્યાની ઓનલાઇન નોંધણી કરવાની/કરાવવાની રહેશે.

**(૪) ખરીદી કર્યા બાદ સાધનની ચકાસણી કરવા બાબત**

યોજના હેઠળ ખેડુત દ્વારા મીડીયમ સાઈઝના ગુડ્ઝ કેરેજ વાહન અને ટ્રેક્ટર ટ્રેલર માટે ઓનલાઈન અરજી કરી અને અરજીમાં દર્શાવેલ મુજબના અને ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા સહ રજુ થયેલ અને પાત્રતા ધરાવતા સહાય કેસોની જવાબદાર અધિકારીએ નિયમોનુસાર ચકાસણી/ખાતરીની કાર્યવાહી દિન-૧૫ માં પુર્ણ કરવાની રહેશે. ત્યારબાદ દિન-૨ માં જવાબદાર અધિકારીએ i-Khedut પોર્ટલ ઉપર પોતાના લોગીન એકાઉન્ટમાં યોજનાના લાભાર્થીના સ્ટેટ્સ અપડેટ કરવાનું રહેશે.

લાભાર્થી ખેડૂતે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ખરીદી કરી હશે તે સહાયપાત્ર રહેશે.

રજીસ્ટ્રેશન સંદર્ભે રજૂ થયેલ સાધનિક પુરાવાના આધારે http://parivahan.gov.in પર વાહનની વિગતોની ચકાસણી કરવી.

લાભાર્થીએ આ યોજના હેઠળ વેચાણ થતાં વાહનના ડાબી સાઇડના ભાગ ઉપર દેખાય તે રીતે **"ખેતીવાડી ખાતાની કિસાન પરિવહન યોજનાના સહયોગથી"** તે મુજબ પેઇન્ટ કરાવવાનું રહેશે.

**(૫) ઘટક ખરીદી કર્યા બાદ સહાયની ચુકવણીની કાર્યપધ્ધતિ**

લાભાર્થીઓ દ્વારા સાધનની ખરીદી કર્યા બાદ રજૂ કરેલ સાધનિક કાગળો અને એસેટની ભૌતિક ચકાસણી કર્યા બાદ સહાય ચુકવવાપાત્ર યોગ્ય જણાતા કલેઇમની i-khedut પોર્ટલ પર સ્ટેટસ અપડેટની કાર્યવાહી કરવાની રહેશે. સહાય ચુકવવાની પાત્રતા ધરાવતા કેસોની યાદી i-khedut પોર્ટલમાંથી પ્રિન્ટ આઉટ મેળવી અધિકૃત અધિકારીએ સહી/સિક્કા કરી જિલ્લા ખેતીવાડી અધિકારીએ મંજૂરીનો કાર્યાલય આદેશ કરવાનો રહેશે. જેની ચુકવણી જિલ્લા ખેતીવાડી અધિકારીએ PFMS/ECS (Electronic Clearance Service)/RTGS (Real Time Gross Settlement/NEFT લાભાર્થીના સેલ્ફ ખાતામાં મારફત કરવાની રહેશે. લાભાર્થી દ્વારા સાધનની ખરીદી કર્યા બાદ લાભાર્થી દ્વારા સાધનિક કાગળો રજૂ કર્યેથી અને એસેટની ભૌતિક ચકાસણી થયા બાદ સહાયની ચુકવણીની સંપૂર્ણ પ્રક્રીયા દિન-૩૦ માં પૂર્ણ કરવાની રહેશે.

<u>સામાન્ય શરતો અને બોલીઓ</u>

(૧)આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(૨)આ યોજનાનો અમલ જિલ્લા ખેતીવાડી અધિકારી મારફતે કરવાનો રહેશે.

(૩)પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪)ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૫)સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.

(૬)નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૭)આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૮)C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૯)યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦)Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૧)યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૧૨)કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

(૧૩)પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૪)આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૫)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૬)આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૭)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૮)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૯)યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૦)સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૧) યોજનાના નિયંત્રણ અધિકારી ખેતી નિયામક રહેશે.

(૨૨)જિલ્લા ખેતીવાડી અધિકારીએ ગામ વાઈઝ ઘટકનું નામ, લાભાર્થીનુ નામ, ખાતા નંબર, સહાયની રકમ, લાભ આપ્યાનું વર્ષ વિગેરે વિગતો ધરાવતું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૨૩)આ યોજનાની ગ્રાન્ટ ખેતી નિયામકએ સહાયના ચુકવણા માટે ડી.ડી.ઓ.ટુ પી.એલ.એને ફાળવવાની રહેશે તેમજ સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીને ફાળવવામાં આવેલ ગ્રાન્ટ જિલ્લાએ સંબંધિત તાલુકાઓને ફાળવવાની રહેશે નહીં.

(૨૪)સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ સબસીડી સહીત થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરવાની રહેશે તેમજ જિલ્લામાંથી મળેલ દરખાસ્ત અનુસાર લાભાર્થીવાર ચુકવેલ સહાયની વિગતો સહ જિલ્લા/તાલુકાવાર તૈયાર કરી ખેતી નિયામક અને સબંધીત જિલ્લાને મોકલી આપવાની રહેશે.

(૨૫)સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીએ સહાયની રકમ ECS (Electronic Clearance Service)/RTGS (Real Time Gross Settlement)/PFMS થી લાભાર્થીના ખાતામાં જમા કરવાની રહેશે.

(૨૬)આઇ-ખેડૂત પોર્ટલ પર સમયાંતરે જરૂરીયાત અનુસાર કરવામાં આવતા ફેરફારો કે માર્ગદર્શક સુચાનો આ ઘટકના અમલીકરણ માટે પણ લાગુ રહેશે.

(૨૭)લાભાર્થી ધ્વારા ચાલુ નાણાકીય વર્ષમાં ગુડ્ઝ કેરેઝ અને ટ્રેક્ટર ટ્રેલર વાહનની ખરીદી કરેલ હશે તે સહાયને પાત્ર રહેશે અને ચાલુ વર્ષથી ૧ એપ્રીલ અને તે બાદની ખરીદી કરી RTO પાસીંગ કરેલ હોય તે અરજી નાણાકીય વર્ષમાં સહાયપાત્ર રહેશે.

(૨૮)આ ઠરાવની પાત્રતા, સહાયના ધોરણો, અમલીકરણ પ્રક્રીયા તેમજ ઠરાવમાં દર્શાવેલ શરતો બોલીઓમાં કોઇ ફેરફાર કરવાનો થાય તો ખેતી નિયામકશ્રી વિભાગના વડાના પરામર્શમાં કરી શકશે.

(૨૯)આ યોજનાના અમલીકરણ માટે આઇ-ખેડૂત પોર્ટલ પર અરજીપત્રક અને તેને આનુષંગિક પત્રકો ખેતી નિયામકશ્રીએ નિયત કરવાના રહેશે તેમજ નાણાકીય વર્ષની સમય મર્યાદામાં યોજના હેઠળના લક્ષાંકો સિધ્ધ કરવા માટે આઇ ખેડૂત પોર્ટલ સંબંધિત તમામ કામગીરી માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

(૩૦)પ્રસ્તુત યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ ની બજેટ જોગવાઈને આધીન રહીને જ, નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ કે યોજના માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહી. વર્ષના અંતે આ યોજના અંતર્ગત બચત રહેતી રકમ, નિયત સમયમર્યાદામાં પરત કરવાની રહેશે.

(૩૧)પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ યોજનાઓની નિયત થયેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩૨)પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૦૫ ૧૪૦૭-૨, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. આમ, આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૩૩)પ્રસ્તુત યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

(૩૪)પ્રસ્તુત યોજના પૈકી કોઈ યોજના માટે નોડલ એજન્સી નિમવાની થાય તો તે યોજના સિવાય અન્ય યોજના માટે પણ તે જ સંસ્થા એજન્સી નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તો તે નોડલ એજન્સીએ તમામ યોજનાઓ માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલાવવાના રહેશે.

(૩૫)નોડલ એજન્સીએ નાણા વિભાગના તા.૩૧-૦૧-૨૦૧૯, તા.૦૫-૧૧-૨૦૧૮, તા.૨૯-૧૦-૨૦૧૬ તા.૦૧-૦૯-૨૦૧૪ ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૬)નોડલ એજન્સી નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક રહેતી રકમ વ્યાજ સહીત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઇ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

(૩૭)પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૩૮)બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩૯)બાંધકામના કામોમાં PWD મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૪૦)સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની તકેદારી રાખવાની રહેશે.

(૪૧)આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૪૨)રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૪૩)આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪૪)મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૪૫)બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૪૬)આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

**આ અંગેનું ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે** .

માંગણી નંબર : ૦૨

મુખ્યસદર : ૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા

ગૌણસદર : ૧૧૩

પેટાસદર : (૦૮) કિસાન પરિવહન યોજના

વિગતવાર સદર : ૩૧૩૨ પંચાયતોને અનુ સંબંધી જનરલ સહાયક અનુદાન

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૧૧/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવેશ પ્રજાપતિ)

સેક્શન અધિકારી,

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

નકલ રવાના:

(૧) માન. મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.

(૨)માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણીમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.

(૩)અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ના રહસ્ય સચિવશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૪)ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.(જિલ્લા કક્ષાએ નકલો મોકલી આપવાની વિનંતી સહ)

(૫)બાગાયત નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર

(૬)એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.

(૭)ઉપ મહાલેખાકારશ્રી(ઈએસ-૧) એકાઉન્ટન્ટ જનરલ,અમદાવાદ (ઈ એન્ડ આર એસ ઓડીટ) ગુજરાત,ત્રીજો માળ, ઓડીટ ભવન, અમદાવાદ.

(૮)નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી,અમદાવાદ.(ખેતી નિયામકશ્રી મારફત)

(૯) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય, બીજ નિગમ લી. ગાંધીનગર.

(૧૦)તમામ સંયુકત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત

(૧૧)તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત

(૧૨)તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, ખેતી નિયામકશ્રી, ગુ.રા. મારફત

(૧૩)સેકશન અધિકારીશ્રી, ક-૬, ક-૭, બ-૧, નાણા શાખા,કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪)સેક્શન અધિકારીશ્રી આઇ.ટી.શાખા (સિસ્ટમ મેનેજરશ્રી મારફત, વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા માટે) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૫)સિલેકટ ફાઈલ - ૨૦૨૪.

Signature Not Verified

Signed by:Bhavesh A Prajapati
Section Officer
Date:2024.11.11
18:54:21 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign